કચેરી :- ૦૨૬૧-૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦૪
અધ્યક્ષશ્રી :- ૦૨૬૧-૨૪૨૦૩૨૦
શાસનાધિકારી : (ઓ) ૦૨૬૧-૨૪૨૦૩૨૨
ઈ-મેઈલ :- msbsmc@gmail.com
વેબસાઈટ :- www.municipalschoolboardsurat.org

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

ગોપીપુરા, પારસીવાડ, સુરત. - ૩૯૫૦૦૧

જાવક નં :- 3599

તા.૨૯/૯/૨૦૨૦

પ્રતિ,
મુખ્ય શિક્ષકશ્રી/આચાર્યશ્રી,
તમામ શાળા,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
સુરત.

વિષય :- અનાજ વિતરણની માહિતી આપવા બાબત.

જત ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત સંચાલિત પ્રાથમિક શાળાઓમાં મધ્યાહ્ન ભોજન યોજના અંતર્ગત FPS સેન્ટર પર થતાં અનાજ વિતરણની કૂપન શાળા કક્ષાએથી આપવી અને તેનું રજીસ્ટર નિભાવવાની સૂચના આપેલ હતી. જે મુજબ કૂપન વિતરણ બાદ જે વિદ્યાર્થી/વાલીઓનું FPS સેન્ટરની દુકાનો પરથી અનાજ મેળવવાનું બાકી છે તે વિદ્યાર્થી/વાલીઓનો સંપર્ક કરી ૧૦૦% અનાજ બધા જ બાળકો મેળવી લે તેવા પ્રયત્નો કરવા નોંધ લેશો. તેમજ વર્ગશિક્ષકોએ FPSની દુકાનનો સંપર્ક કરી ઘટતી માહિતી મેળવી લેવાની રહેશે.

ઉપરોક્ત માહિતી https://rb.gy/ka2omd આપેલ ગૂગલ શીટમાં મૂકવા નોંધ લેશો. બાળકો અનાજથી વંચિત ન રહે તે માટે તમામ શાળાના આચાર્યશ્રી અને શિક્ષકોએ વાલીઓનો સંપર્ક કરી યોગ્ય માર્ગદર્શન આપવાનું રહેશે. ફુડ સિક્યોરિટી એલાઉન્સીસ મળેલ નાણાં દરેક વિદ્યાર્થીના ખાતામાં સમયસર મળી રહે તેની તકેદારી રાખવી. વધુમાં, મધ્યાહ્ન ભોજનની વેબસાઇટ પર નોંધાયેલ વિદ્યાર્થીઓની ઓનલાઈન એન્ટ્રી કરવાની રહેશે.

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
સુરત.

નકલ રવાના જાણ તથા અમલ સારૂ :-

- પ્રતિ, ઇ.ચા.ઉપશાસનાધિકારીશ્રી તથા તમામ નિરીક્ષકશ્રીઓ, ન.પ્રા.શિ.સ.સુરત